# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ દુનિયાનું સૌથી મોટું AI સંમેલન ભારતમાં યોજાયું - તે અંગે ગર્વ વ્યક્ત કર્યો.**
3. **ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નવીને ગુજરાત વિકાસને કાર્યકર્તાઓના પુરુષાર્થનું પરિણામ ગણાવ્યું.**
4. **અમેરિકાના ભૂતપૂર્વ વિદેશ મંત્રી હિલેરી ક્લિન્ટને આણંદની મુલાકાત લીધી, વિવિધ સેવાકીય કાર્યોની સમીક્ષા કરી**
5. **T-20 વિશ્વ કપમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે અમદાવાદમાં મુકાબલો.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **131**મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

## AI IMPACT SUMMIT- HARSH SANGHVI

નવી દિલ્હીના ખાતે આયોજિત ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટનું સમાપન થયું છે. આ સમિટમાં 100થી વધુ દેશોના પ્રતિનિધિઓ, નવીનતાઓ, ઉદ્યોગપતિઓ અને નીતિ નિર્માતાઓએ હાજરી આપી હતી.

દુનિયાનું સૌથી મોટું AI સમેલન ભારતમાં યોજાયું. તે અંગે ગર્વ વ્યક્ત કરતાં નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે,

### બાઈટ - હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી

---

# NITIN NAVEEN VISITS GUJARAT

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે બૂથ કાર્યકર્તાઓ સંમેલન યોજાયું હતું.

આ સમેલનને  સંબોધતા શ્રી નવીને જણાવ્યું કે, ભાજપના શાસનમાં ગુજરાત વિકાસનું વૈશ્વિક મોડેલ બન્યું, જે કાર્યકર્તાઓના પુરુષાર્થનું પરિણામ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કાર્યકર્તા સંમેલનને શક્તિ, સંકલ્પ અને સંસ્કારનો મહામેળો ગણાવાતા કહ્યું કે ભાજપનો કાર્યકર્તા સત્તા માટે નહીં , પણ રાષ્ટ્ર માટે સેવા અને સમર્પણથી આગળ વધે છે.

દરમિયાન ગિફ્ટ સીટી ખાતે યંગ વોઇસ સમિટમાં ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને યુવા ઉદ્યોગકારોને  ઉત્પાદનોની ગુણવત્તા  સાથે કોઇ બાધછોડ ન કરવા અનુરોધ કર્યો.

## બાઈટ- નીતિન નવીન, ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ

---

# HILLARY CLINTON -ANAND VISIT

અમેરિકાના ભૂતપૂર્વ વિદેશ મંત્રી હિલેરી ક્લિન્ટને આણંદ શહેર અને અજરપુરા ગામની મુલાકાત લીધી હતી.  'ક્લિન્ટન ગ્લોબલ ઈનિશિયેટિવ ' **(CGI)** પ્રોગ્રામ હેઠળ વિવિધ દેશોના **35**થી વધુ ડેલિગેટસ સાથે ગ્રામીણ વિસ્તારોમાં ચાલી રહેલા વિવિધ સેવાકીય કાર્યોની સમીક્ષા કરવાના હેતુથી તેઓ અહીં આવ્યા હતા.

તેઓએ આણંદ શહેરના સરદાર ગંજ પાસે આવેલા શાંતા ઘરની મુલાકાત લઈ સ્થાનિક મહિલાઓ સાથે સંવાદ કરીને મહિલાઓના સશક્તિકરણ શિક્ષણ અને સ્વરોજગાર જેવા મુદ્દાઓ વિષે વાત કરી હતી.

હિલેરી ક્લિન્ટને આણંદ નજીકના અજરપુરા ગામે ફાઉન્ડેશનના 'હીરોઝ ફોર હ્યુમેનિટી' કાર્યક્રમ હેઠળ કાર્યરત મહિલાઓ સાથે મુલાકાત કરી હતી , જેઓ ગ્રામીણ સ્તરે આરોગ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરે છે. મુલાકાત દરમિયાન તેમણે આશા વર્કરો અને સ્થાનિક કારીગર મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી ચીજવસ્તુઓનું પ્રદર્શન નિહાળ્યું હતું.

તેમણે મહિલાઓના ઉત્કર્ષ સાથે ગ્રીન એનર્જી , ઉર્જા આધારિત સાધનો તથા પર્યાવરણ મિત્ર જીવનશૈલી વિકસાવવા માટે અનુરોધ કર્યો હતો.

---

# WANDERING ANIMALS-(AI)

અમદાવાદમાં રસ્તા પર રઝળતા પશુઓની સમસ્યાનો ઉકેલ હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા લાવવામાં આવશે.

શહેરના રસ્તા પર રઝળતા પશુઓને AI કેમેરા ક્ષણભરમાં ઓળખી લેશે. પશુના ચહેરાના વિશિષ્ટ લક્ષણો અને આંખોના ડેટા દ્વારા સિસ્ટમ તુરંત તેની ઓળખ પ્રસ્થાપિત કરશે. આ ટેકનોલોજીને શહેરના  સાત હજારથી  વધુ CCTV કેમેરા સાથે સાંકળવામાં આવી છે, જે 'રિયલ ટાઈમ મોનિટરિંગ' દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને પશુઓની સચોટ માહિતી પહોંચાડશે . આ પ્રોજેક્ટથી ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને પશુઓના કારણે થતી દુર્ઘટનાઓ પર અંકુશ આવશે.

પશુ ઉપદ્રવ નિયંત્રણ વિભાગના વડા નરેશ રાજપૂત આ અંગે વધુ માહિતી આપતા જણાવે છે કે

**બાઈટ: શ્રી નરેશ રાજપૂત, HOD, CNCD વિભાગ, AMC**

---

## ARAVALLI DISTRICT POCSO COURT

અરવલ્લી જિલ્લા પોક્સો કોર્ટે સગીરા સાથે  દુષ્કર્મ કેસમાં સમાજમાં દાખલા રૂપ ચુકાદો આપીને આરોપીને 20 વર્ષ સખત કેદની સજા ફટકાતો હુકમ કર્યો છે.

**બાઈટ : ડી. એસ. પટેલ, સરકારી વકીલ, અરવલ્લી**

ઉલ્લેખનીય છે કે  અરવલ્લી જિલ્લા  પોક્સો કોર્ટમાં ખૂબ જ ઝડપી નિકાલ થઈ રહ્યો છે. છેલ્લા છ મહિનામાં 50 જેટલા ચુકાદા આપવામાં આવે છે જેમાં પાંચ આરોપીને સજા ફટકારવામાં આવી છે.

---

## 'E-SAMRIDDHI' PORTAL

કૃષિ વિભાગ દ્વારા રવિ પાકોની  ટેકાના ભાવે  ખરીદી માટે ખેડૂતોને  5 માર્ચ સુધીમાં 'ઈ-સમૃદ્ધિ' પોર્ટલ પર  ઓનલાઇન નોંધણી કરવા જણાવાયું છે

સરકાર દ્વારા ખેડૂતોની આર્થિક સુરક્ષા અને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ સુનિશ્ચિત કરવાના હેતુથી ટેકાના ભાવે ( MSP) ખરીદીની પ્રક્રિયાને વેગ આપવામાં આવ્યો છે

જિલ્લા ખેતીવાડી અધિકારી હિતેશ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, ખેડૂતોએ પોતાનું આધારકાર્ડ બેંક ખાતા સાથે લિંક કરાવવું ફરજિયાત છે, જેથી વેચાણ કરેલા પાકની રકમ સીધી ખેડૂતના ખાતામાં જમા થઈ શકે.

**બાઈટ - જિલ્લા ખેતીવાડી અધિકારી હિતેશ પટેલ**

---

## CULTURAL CENTER – VASANTOTSAV

ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવનો પ્રારંભ થયો છે.

ગાંધીનગરના ધારાસભ્ય રીટા પટેલે મહોત્સવનો પ્રારંભ કરાવતાં જણાવ્યુ કે, આવા આયોજનોથી સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન મળે છે, અને આપણી સમૃદ્ધ હસ્તકલા તેમજ લોકકલાની પરંપરા જીવંત રહે છે.

વસંતોત્સવના પ્રથમ દિવસે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં. સરિતા ઉદ્યાન પાસે આવેલા સંસ્કૃતિ કુંજ ખાતે આ મહોત્સવ આગામી 2 માર્ચ સુધી ચાલશે, જેમાં અંદાજે 500થી વધુ કલાકારો પોતાની કલાની પ્રસ્તુતિ કરશે.અને સ્થાનિક કારીગરોએ બનાવેલ હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ આ આયોજનનું મુખ્ય કેન્દ્ર છે.

---

## PATAN UNI .ORIENTATION PROG

પાટણ યુનિવર્સિટીમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના સેતુ પ્રોગ્રામ હેઠળ ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાયદા અને સોશિયલ ડેવલપમેન્ટ વિભાગના તજજ્ઞો દ્વારા વિષયને

અનુલક્ષીને કાનૂની જોગવાઈઓ સહિત જીવનલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---

# PATAN APMC

પાટણ જિલ્લામાં રાધનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMCના ચેરમેન અને વાઇસ ચેરમેનની વરણી કરવામાં આવી હતી.

APMCના ચેરમેન પદે બાબુભાઈ રણછોડભાઈ ચૌધરી અને વાઇસ ચેરમેનપદે લાખાભાઈ માધાભાઈ રબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

---

# CRICKET

T20 વિશ્વ કપના સુપર - 8 તબક્કામાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે. આ મુકાબલો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટડીયમ ખાતે સાંજે 7 વાગે શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે , ભા રત અને દક્ષિણ આફ્રિકા બંને ગ્રુપ સ્ટેજમાં ચાર-ચાર મુકાબલા જીતી ચૂક્યા છે . આજે કોની વિજયકૂચ આગળ વધશે તે જોવું રસપ્રદ બનશે. અમદાવાદના લોકોમાં મેચને લઈ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મેચના પગલે ટ્રાફિક સંચાલન માટે વિશેષ વ્યવસ્થા કરાઇ છે.

---

# RAJKOT TRAIN

રાજકોટ ડિવિઝનમાંથી કાર્યરત ચાર જોડી મુખ્ય એક્સપ્રેસ ટ્રેનોમાં જનરલ (સામાન્ય શ્રેણી) કોચની સંખ્યામાં કાયમી વધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે.

જેમાં ઓખા-શાલીમાર-ઓખા એક્સપ્રેસ, પોરબંદર-શાલીમાર-પોરબંદર એક્સપ્રેસ, પોરબંદર-સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ, પોરબંદર-સાંતરાગાછી-પોરબંદર એક્સપ્રેસમાં કોચની સંખ્યામાં કાયમી વધારો કરશે. આ પહેલથી ખાસ કરીને સામાન્ય શ્રેણીમાં મુસાફરી કરતા મુસાફરોને મોટી રાહત મળશે

આ નિર્ણયથી ખાસ કરીને અનરિઝર્વ્ડ (સામાન્ય) ટિકિટ પર મુસાફરી કરતા મુસાફરોને વધારાની જગ્યા મળશે અને લાંબા અંતરની મુસાફરી વધુ સરળ બનશે.

---